# વધુ ૫ હેલ્થ વર્કરોની તબિયત લથડી



ગાંધીનગર, તા. ૨૮
ગાંધીનગર ઘ-૩ સત્યાગ્રહ છાવણી ખાતે ગત ૨૦ જૂલાઈ-૨૦૧૨થી ઉપવાસ બેઠેલા મલ્ટીપર્પઝ હેલ્થ વર્કર (પુરૂષ) વધુ જલદ આંદોલનના માર્ગે આગળ વધી રહ્યા છે. સરકાર દ્વારા હજુ કોઈ પણ જાતનો પ્રતિભાવ તેમને સાંપડ્યો નથી. આ ઉપવાસી વર્કરોમાંથી વધુ ૫ ની તબિયત લથડતા ગાંધીનગર સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા છે. અને વર્કરો દ્વારા ગત રોજ રાત્રે કેન્ડલ પ્રગટાવી વિરોધ પ્રદર્શન કરવામાં આવેલ તેમજ આજે વર્કરો દ્વારા ૧૧૦ બોટલ રક્તદાન કરી સરકારની સામે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

સત્યાગ્રહ છાવણી ખાતે ઉપવાસ પર બેઠેલા મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરોનો જોમ-જુસ્સો જરાયે ઓછો થયો હોય તેમ લાગતું નથી. આ વર્કરો સરકાર સમક્ષ કોઈપણ ભોગે લડવા માટે તૈયાર છે. વર્કરોના પડતર પ્રશ્નો અને માંગણીઓનો સરકાર દ્વારા સત્વરે ઉકેલ નહી આવે તો આગામી દિવસોમાં આ આંદોલનને વધુ ઉગ્ર બનાવવાના મુડમાં વર્કરો જણાય છે. ગતરોજ રાત્રે કેન્ડલ પ્રગટાવીને તેમજ આજે ૧૧૦ બોટલ રક્તદાન કરી સરકાર વિરૂદ્ધ આગવી રીતે પોતાનો રોષ ઠાલવ્યો હતો.

વર્કરોના આગેવાન પ્રફુલભાઈએ જણાવ્યું હતું કે સરકાર ભલે અમારા ઘરમાં અંધારૂ કરવા માંગતી હોય પણ અમે સેવા કરી પ્રકાશ પાથરવા માંગીએ છીએ. સરકાર દ્વારા અમારૂ શોષણ કરી લોહી ચુંસી લીધુ પણ વર્કરો દ્વારા આજે રક્તદાન કેમ્પ યોજી અનોખી રીતે વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો. ઉપવાસી વર્કરોમાં યોગેશ વાણી, વિજય બારૈયા, વિષ્ણુ સુતરીયા, મહેન્દ્રસિંહ રાઠોડ, જીજ્ઞેશ રાઠવાની તબિયત લથડતા ગાંધીનગર સિવિલ ખસેડવામાં આવ્યા છે. આ વર્કરોનો મુડ જોતા આંદોલન વધુ ઉગ્ર બને તેમ જણાય છે.

# પોલીસ બંદોબસ્ત માટે મંજૂર મહેકમને અમલી બનાવવા માંગ

## શહેરમાં કાયદો-વ્યવસ્થાની જાળવણી માટે મહામંડળના પદાધિકારીઓએ જિલ્લા પોલીસ અધિક્ષકને રજૂઆત કરી

ગાંધીનગર, તા. ૨૮
શહેરમાં ઘરફોડ ચોરી અટકાવવા તેમજ માર્ગ સલામતીને સ્પર્સતા પરિબળો સંદર્ભે સેક્ટરના જાગૃત નાગરિકોએ જિલ્લા પોલીસ વડા સમક્ષ રજૂઆત કરી હતી. આ તબક્કે પોલીસ બન્દોબસ્ત માટેના નવા મંજુર મહેકમને કાર્યરત કરવા પણ જણાવાયું હતું. જેમાં રીઢા ગુનેગારોને પાસા હેઠળ ધકેલવા પણ જણાવાયું હતું. જ્યારે ચોરીના મામલે નાગરિકો પણ વધુ સતર્ક અને જાગૃત બને તે માટે માર્ગદર્શક સાહિત્યનું વિતરણ કરવામાં આવ્યું હતું.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સંદર્ભે જરૂરી પરામર્શ કરવા મહામંડળના સેકટરોના પદાધિકારીઓની કારોબારી સમિતિની એક બેઠક યોજવામાં આવી હતી. આ દરમિયાન જિલ્લા પોલીસ અધિક્ષક અર્ચના શિવહરેના માર્ગદર્શન હેઠળ નાયબ પોલીસ અધિક્ષક જાડેજા સમક્ષ જાગૃત નાગરિકોએ વિવિધ પ્રશ્નો સંદર્ભે રજૂઆત કરી હતી. જેમાં શહેરમાં ઘરફોડ ચોરીના બનાવો અટકાવવા બહારગામ જતા પૂર્વે પોલીસને જાણકારી આપવા ઉપરાંત ઈન્ટરલોકની મજબૂત વ્યવસ્થા રાખવા પણ નગરજનોને જણાવાયું હતું. આ તબક્કે રીઢા ગુનેગારોને પાસા જેવા ધારા હેઠળ આવરી લેવા પણ મહામંડળના પ્રતિનિધિઓએ અનુરોધ કર્યો હતો. વધુમાં માર્ગ સલામતીને અનુલક્ષી ટ્રાફિક સિગ્નલની યોગ્ય વ્યવસ્થા સ્પીડબ્રેકર્સ, ઝીબ્રા ક્રોસિંગ અને આડેધડ પાર્ક થતા વાહનો સંદર્ભે કડક કાર્યવાહી હાથ ધરવા પણ રજૂઆત કરવામાં આવી હતી. જ્યારે વાહનોમાં ગતિ નિયંત્રણ જળવાય તે માટે પણ યોગ્ય પગલા લેવા જણાવાયું હતું. વધુમાં પોલીસ બંદોબસ્ત માટે અલગ મહેકમ મંજૂર થયા બાદ પણ તેનો અમલ ન થતા પોલીસબેડાનો પ્રશ્ન હજુ યથાવત છે. જેને ધ્યાને લઈ નવુ મહેકમ કાર્યરત થાય તેવી વ્યવસ્થા ગોઠવવા પણ જણાવાયું હતું. પોલીસ સાથેની આ પરામર્શમાં જ્યોતિ મહિલા મંડળના પ્રમુખ લતાબેન ચોકસી, સુધીરભાઈ દેસાઈ, મયૂરભાઈ વ્યાસ, કશ્યપ મહેતા, સી.પી. સોની સહિતના આગેવાનોએ રજૂઆતો કરી હતી.

## છાલા ગામથી રસોડુ કરવા આવતી હિંમતનગરની ૩૨ વર્ષીય પરિણીતા ભારતીબેન ગુમ

ચિલોડા, તા. ૨૮
ગાંધીનગર જિલ્લાના છાલા ગામથી હિંમતનગર છાપરીયા રામજી મંદિર પાસે સાબરકાંઠાના રહેવાસી ધર્મેન્દ્રભાઈ કનુભાઈએ પોતાની પત્ની નામે ભારતીબેન ધર્મેન્દ્રભાઈ ઉં.વ. ૩૨ છાલા ગામે હરેશ જીતુભાઈ પંડ્યા ઉર્ફે લાલાભાઈને ત્યાં રસોડું કરવા આવતાં હતા. ત્યાર બાદ તા. ૨૭મી જુલાઈના રોજ સવારે ૧૦ વાગ્યાના સુમારે ભારતીબેન રસોડું બનાવવા અર્થે આવ્યા બાદ ત્યાંથી ક્યાંક ચાલ્યા ગયા છે. આ અંગે હરેશભાઈ પંડ્યાના ઘરે તથા આજુબાજુ તપાસ કે શોધખોળ કરવામાં આવતાં તેણીની અમદાવાદ ગયેલ હોવાનું જાણવા મળે છે. આમ ગુમ થનાર પરિણીતા ભારતીબેનની ઉંમર ૩૨ વર્ષ, ઊંચાઈ ૫.૨ ફૂટ, શરીરનો બાંધો પાતળો, શરીરે ગુલાબી રંગની સાડી પહેરેલ, દેખાવે ઘઉંવર્ણા, તથા ધોરણ-૯ સુધી માધ્યમિક શિક્ષણનો અભ્યાસ કરેલ છે. આમ ગુમ થનારના ભારતીબેનના પતિ ધર્મેન્દ્રભાઈએ આ અંગે ચિલોડા પોલીસમથકમાં ગુમ થવા અંગે જાણવા જોગ અરજીના આધારે ગુનાની નોંધ કરી છે.

## સેક્ટર-૫ ના આંતરિક રસ્તા મરામત કરો

ગાંધીનગર વિકાસ પરિષદ તરફથી ઉપ-પ્રમુખ જે.જે. ત્રિવેદી અખબારી યાદીમાં જણાવેલ છે કે, સેક્ટર-૫માં બહારના રસ્તાઓનું કામ થયું પણ સેક્ટરના અંદરના રસ્તાનું કામ બાકી રાખેલ છે. બે મહિનાથી કામ ટલ્લે ચડાવેલ છે. ખાડા ટેકરાનું પ્રમાણ વધી ગયેલ છે. રોડ સાફ કરીને માટીના ઢગલા પડી રહેલ છે. પ્લોટ નં. ૧૬૦૧/૧, ને ૧૬૦૨/૨ના રસ્તા ઉપર ચોમાસામાં પાણી ભરાય છે. ઊંચું લેવલ કરવાની જરૂર છે. સેકટર-૫ના અંદરના રસ્તા બાકી છે. તેને તાત્કાલિક અસરથી કરવા માંગણી કરેલ છે.

## ૧૧૫મી વખત રકતદાન કર્યુ

વી કૅર ફાઉન્ડેશન તરફથી તાજેતરમાં યોજાયેલ રકતદાન કેમ્પમાં ગાંધીનગર શહેરના જાણીતા રકતદાતા ભરતભાઈ કવિએ ૧૧૫મી વખત રકતદાન કર્યું હતું. વી કૅર ફાઉન્ડેશન પરિવાર તમામ સ્વૈચ્છિક સંસ્થાઓ, રકતદાતાઓ તથા શુભ ચિંતકોનો આભાર માનેલ છે.

## નિયમો ન જાળવતા સાયબર કાફેના ત્રણ સંચાલકો વિરૂદ્ધ કાર્યવાહી

ગાંધીનગર, તા. ૨૮
એસ.ઓ.જી. પોલીસે કલોલના ત્રણ સાયબર કાફે સેન્ટરમાં આકસ્મિક તપાસ હાથ ધરી યોગ્ય નિયમો ન જાળવતા કાફેના સંચાલકો વિરૂદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. શહેરમાં પણ ધમધમતા સાયબર કાફેમાં જરૂરી નિયમોનુ પાલન થાય છે કે કેમ તે સંદર્ભે તપાસ હાથ ધરાશે.

એસ.ઓ.જી.ના પોલીસ ઈન્સ્પેકટર એમ. જે. સોલંકી તેમજ તેમની ટીમે આજે કલોલ વિસ્તારમાં ધમધમતા સાયબર કાફેમાં આકસ્મિક તપાસ હાથ ધરી હતી.

આ દરમિયાન સાયબર કાફેમાં કેબીનની જગ્યા એન્ટ્રી પોઈન્ટ લોકેશન ઉપરાંત સેફટી સોફટવેરની યોગ્યતા ન જળવાઈ હોવાનું ધ્યાને આવ્યું હતું. જ્યારે સિડ્યુઅલ-૩ મુજબ ઉપયોગિતાનું રજીસ્ટ્રેશન પણ નિભાવાતુ ન હોવાનું પોલીસને માલુમ પડ્યું હતું. નિયમો ન જાળવતા ઓમ સાયબર કાફેના સંચાલક નિલેશ અરવિંદભાઈ પટેલ, ક્રેઝી પ્લેનેટ સાયબર કાફેના નિર્મલ દિનેશભાઈ શાહ તેમજ ક્રીએટીવ સાયબર કાફેના મનીષ સવજી ડાભી વિરૂદ્ધ કલોલ શહેર પોલીસમથકે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ગાંધીનગર શહેરમાં પણ નિયમોનું પાલન કરતા કાફેના સંચાલકો સામે પોલીસતંત્ર લાલ આંખ કરશે.

## ગાંધીનગર ભા.જ.પ. વોર્ડ નં. ૧ મહિલા મોરચાની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૮
ગાંધીનગર ભારતીય જનતા પાર્ટી વોર્ડ નં. ૧ મહિલા મોરચાની તાજેતરમાં સામાન્ય સભા અને ટીફીન બેઠક યોજવામાં આવી હતી. જેમાં ગાંધીનગર શહેર મહિલા મોરચાના પ્રમુખ ભારતીબેન શુક્લએ યોગ્ય નેતૃત્વ સંભાળી જરૂરી માર્ગદર્શન અને ટીફીન બેઠકની લિજ્જત માણી હતી

શહેર મહિલા મોરચાના પ્રમુખ ભારતીબેન શુક્લના નેતૃત્વ હેઠળ યોજાએલ વોર્ડ નં. ૧ ના મહિલા મોરચાની બેઠક શહેર મહિલા મોરચાના ઉપપ્રમુખ મણિબેન દેસાઈના નિવાસે યોજાઈ હતી. મહિલા મોરચાના વોર્ડ નં. ૧ ના હોદ્દેદારોમાં પ્રમુખ સરોજબેન મહેરા, ઉપપ્રમુખ હિનાબેન પાઠક, સંગીતાબેન મોદી, મહામંત્રી જનકબેન ચાવડા, મંત્રી રાજીબેન ચૌધરી, કોકિલાબેન ચૌધરી, હંસાબેન પટેલ, છાયાબેન ત્રિવેદી, કોષાધ્યક્ષ રીટાબેન પટેલ તેમજ અન્ય સભ્ય બહેનો તથા પદાધિકારીઓ ખાસ હાજર રહ્યા હતા. આ પ્રસંગે વોર્ડ નંબર-૧ના કોર્પોરેટર જાગૃતિબહેન પુરોહિત તથા શહેર મહિલા મોરચાના કોષાધ્યક્ષ રેખાબહેન પણ હાજરી આપી જરૂરી ચર્ચા-વિચારણામાં ભાગ લીધો હતો તથા આગામી સમયમાં યોજાનાર ચૂંટણી સંદર્ભે જરૂરી આયોજન કરવા જણાવ્યું હતું. વોર્ડના પ્રમુખ સરોજબહેન મહેરાએ આભારવિધિ કરી હતી.

## દુઃખદ અવસાન

અમૃતલાલ ગીરજાશંકર યાજ્ઞિકનો તાજેતરમાં સ્વર્ગવાસ થતા સ્વર્ગસ્થનું બેસણું આજે તા. ૨૯મી જુલાઈ-૨૦૧૨ને રવિવારે બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન ગાયત્રીબેન જયેશકુમાર દવે, પ્લોટ નં. ૫૫-એ/૨, ચ-૦, સેક્ટર-૨-એ, ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યું છે. જેની સ્નેહીજનોએ ખાસ નોંધ લેવી.

## ચિલોડા માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલ આધેડનું મોત

ગાંધીનગર, તા. ૨૮
ગાંધીનગર-ચિલોડા માર્ગ પર ગત રોજ એક એક્ટીવા અને કાર વચ્ચે થયેલા જોરદાર અકસ્માતમાં એક્ટીવા પર સવાર દંપતિને ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેમાં સારવાર દરમિયાન મહિલાનું ગતરોજ કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે આજે તેમના પતિનું પણ મોત થવા પામ્યું હતું. ચિલોડા પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસનો દોર આરંભ્યો છે. પરંતુ બે દિવસ બાદ પણ હજુ સુધી ટક્કર મારી નાસી છૂટનાર કારનો કોઈ પત્તો લાગ્યો નથી.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ કલોલની જયઅંબે નાયક સોસાયટીમાં રહેતા રમેશચંદ્ર નારણભાઈ પટેલ અને તેમની પત્ની ઉષાબેન રમેશચંદ્ર પરમાર ગત રોજ ગાંધીનગરથી ચિલોડા તરફ જઈ રહ્યા હતા તે દરમિયાન આર્મી કેમ્પના ગેટ આગળ એક એસેન્ટ ગાડીના ચાલકે બેદરકારીપૂર્વક પોતાની ગાડી હંકારી એક્ટીવાને જોરદાર ટક્કર મારી હતી. જેમાં એક્ટીવા સવાર દંપતિને જોરદાર ઈજાઓ થવા પામી હતી. જેમાં ગતરોજ ઉષાબેન રમેશચંદ્ર પરમારનું સારવાર દરમિયાન કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે તેમના પતિ અને એક્ટીવા ચાલક રમેશચંદ્ર પરમારને અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેનું પણ આજે બપોરના સમયે કરૂણ મોત નિપજ્યુ હતુ. આ ઘટનાને પગલે રમેશચંદ્ર પરમારના પરિવારજનોમાં ભારે શોકની લાગણી પ્રસરી જવા પામી છે. આ આ મામલે ગતરોજ ચિલોડા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# આર્થિક રીતે સક્ષમ મહિલા કુટુંબને સક્ષમ બનાવી શકે છે

## ૧૯૮૭થી મહિલાઓને રોજગારલક્ષી તાલીમ આપીને સ્વનિર્ભર બનાવવામાં મહિલા સિવણ ક્લાસનું નામ અગ્રેસર છે



આમ તો ગાંધીનગર એટલે સુખી અને સંપન્ન લોકોનું શહેર. પરંતુ આ શહેરમાંય ગરીબોની કે સામાન્ય સ્થિતિમાં જીવતા લોકોની ચિંતા થાય છે એ શહેરની સારી બાજુ છે. આપણી પાસે તો પૂરતું છે, પણ જેની પાસે પૂરતું નથી એ પૂરતું રળી શકે એ માટે શું કરવું જોઈએ? એવી સતત ચિંતા કરનારા અને એ ચિંતાને હળવી કરનારા લોકો ને સંસ્થાઓ પણ આ શહેરમાં કમ નથી એ શહેરની બીજી સારી બાજુ છે.

આવી સંસ્થાઓમાં એક નામ છે અમદાવાદ જિલ્લા સમાજ કલ્યાણ સંઘની ભગિની સંસ્થા ગાંધીનગર જિલ્લા સમાજ કલ્યાણ સંઘ. જેના દ્વારા સૅક્ટર-૨૨ ખાતે કાર્યરત મહિલા સિવણ વર્ગ ૧૯૮૬થી મહિલાઓને રોજગારલક્ષી તાલીમ આપી તેમનું આર્થિક સ્તર ઉન્નત બનાવવાનો પ્રયાસ કરી રહ્યો છે.

વર્ગના પ્રથમ સંચાલિકા ભારતીબેન પડિયા અને આચાર્ય સુમનબેન જાદવ વર્ગની શરૂઆતથી અહીં ફરજરત છે અને હાલ પણ અહીં આચાર્ય તરીકે ફરજ બજાવી રહ્યા છે. ગજરાબેન રાઠોડ, કોકિલાબેન મિસ્ત્રી, મીતાબેન રાવલ, જયશ્રીબેન મેવાડા પણ અહીં ઘણાં વર્ષોથી કાર્યરત છે.

આ સંસ્થામાં સિવણ, એમ્બ્રોયડરી, ફેન્સી વર્ક, ટીટીએનસી, લેધવર્ક, જરદોસી, લેડીઝ ક્લોથ્સ, ડૉલમેકીંગ જેવી કલા બહેનોને શીખવવામાં આવે છે. ૩, ૬ અને ૧૨ મહિનામાં અભ્યાસક્રમોમાં ટેકનીકલ બોર્ડ દ્વારા પ્રમાણપત્ર પણ આપવામાં આવે છે. સિવણ, એમ્બ્રોયડરી, ફેન્સીવર્ક ૩ વર્ષના અભ્યાસક્રમ બાદ

સંબંધ સજાવે જિંદગી
હરતાં-ફરતાં સાવ અચાનક
- કુંતલ નિમાવત
gsrelation@yahoo.com

ટીટીએનસીનું પ્રમાણપત્ર આપવામાં આવે છે. લેધર વર્કમાં ૧ વર્ષનો અભ્યાસક્રમ છે, જેમાં લેડીઝ પર્સ, સ્કૂલ બેગ, પાઉચ, , મોબાઈલ કવર વગેરે બનાવતા શીખવવામાં આવે છે. ઉપરાંત જરદોસીનો પણ ત્રણ માસનો અભ્યાસક્રમ છે. બ્યુટી પાર્લરની સંપૂર્ણ તાલીમ પણ અહીં આપવામાં આવે છે. છેલ્લાં ત્રણ વર્ષથી નવરાત્રી દરમ્યાન બહેનોને ગરબાની તાલીમ પણ આપવામાં આવે છે. આ બધી તાલીમ સાથે સંસ્થા દ્વારા ઘોડિયાઘર પણ ચલાવવામાં આવે છે, જેમાં બાળકોની સંખ્યા પચીસ જેટલી છે.

સંસ્થાનો મુખ્ય આશય નજીવી કિંમતમાં ગાંધીનગર શહેર અને આજુબાજુનાં ગામોમાંથી આવતી બહેનોને તાલીમ આપી પોતાનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે તૈયાર કરવાનો છે અને આ હેતુમાં સંસ્થા પોતાના સ્થાપના કાળથી સફળ રહી છે. આ પૈકીનું એક સફળતમ ઉદાહરણ છે અન્નપૂર્ણાબેન કે જેમણે ચિલોડા ખાતે લેડીઝ ગાર્મેન્ટની ફૅક્ટરી શરૂ કરી છે અને આર્થિક રીતે સધ્ધર બન્યાં છે. સૅક્ટર-૨૪માં રહેતા હર્ષાબેન સુતરિયા લેધરવર્કનું પ્રૉડક્શન કરી હૉલસેલ અને રિટેઈલ બિઝનેસમાં સારી આવક મેળવી રહ્યા છે.

માત્ર તાલીમ આપીને બહેનોને તૈયાર કરવી એટલું જ નહીં, પરંતુ તેમના દ્વારા તૈયાર કરવામાં આવેલી વસ્તુઓને પ્રદર્શન, મેળાઓના માધ્યમથી વેચાણ સુધી લઈ જવાની કામગીરી પણ સંસ્થા દ્વારા કરવામાં આવી રહી છે. આમ ઉત્પાદનની તાલીમ મેળવ્યા બાદ બહેનોને વસ્તુના વેચાણ માટે ખાસ પ્રયત્ન નથી કરવો પડતો અને વસ્તુના વેચાણનો જાત અનુભવ મેળવવો હોય તો પણ સંસ્થા દ્વારા તેમને તક આપવામાં આવે છે.





છેલ્લાં ત્રણ વર્ષથી તો જી ઈ ક્લબ અને મ ા ચૅરીટેબલ ટ્રસ્ના ઉપક્રમે બહેનો માટે મહેંદી, કેશગૂંફન, આરતી-થાળી સુશોભન અને દિવાળી દરમ્યાન ગરબા હરિફાઈનું આયોજન પણ કરીને તેમની આંતરિક શક્તિઓને ખીલવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૭
સૂર્યાસ્ત : ૭.૨૫

## તાપમાન

મહત્તમ : ૩૧.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૮ ટકા ● સાંજે ૬૯ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્કીન-૧ :
કયા સુપર કુલ હે હમ : ૧૨.૦૦, ૨.૩૦, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૩૦
: સ્કીન-૨ :
કયા સુપર કુલ હે હમ : ૧૦.૦૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૧૨.૩૦
: સ્કીન-૩ : ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૧૨.૩૦, ૭.૦૦
બોલ બચ્ચન : ૧૨.૪૫
કૉકટેલ : ૪.૦૦
કયા સુપર કુલ હે હમ : ૧૦.૦૦
: સ્કીન-૪ : ગટ્ટુ : ૧૦.૦૦
કૉકટેલ : ૧૧.૩૦, ૧૦.૧૫
બોલ બચ્ચન : ૨.૧૫, ૭.૧૫
આલાપ : ૫.૦૦
કયા સુપર કુલ હે હમ : ૧૦.૩૦

### સિને મેક્સ

: સ્કીન-૧ :
કયા સુપર કુલ હે હમ : ૯.૦૦, ૧.૩૦, ૧૦.૧૫
આઈસ એઝ ૪:કોન્ટીનેન્ટલ ડ્રિફ્ટ (૩ડી) હિન્દી) : ૧૧.૩૦, ૪.૧૫, ૬.૧૫, ૮.૧૫
: સ્કીન-૨ : ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૯.૩૦
કયા સુપર કુલ હે હમ : ૧૨.૩૦, ૩.૧૫, ૬.૦૦, ૯.૦૦
: સ્કીન-૩ : બોલ બચ્ચન : ૧૦.૦૦, ૪.૧૫, ૧૦.૦૦
ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૧.૦૦
કયા સુપર કુલ હે હમ : ૭.૧૫
: સ્કીન-૪ :કયા સુપર કુલ હે હમ : ૧૦.૩૦
કૉકટેલ : ૧.૧૫, ૭.૦૫
ધ ડાર્ક નાઈટ રાઈસીસ (હિન્દી) : ૪.૦૦, ૯.૪૫

### સૂર્યા, વાવોલ

કયા સુપર કુલ હે હમ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
દેશ પરદેશ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

- સાંજે ૪.૩૦ કલાકે ભારતીય જનતા પાર્ટી દ્વારા સક્રિય સદસ્યતા કાર્ડ વિતરણ કાર્યક્રમ.

### ધાર્મિક

- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ,ગાંધીનગર દ્વારા નટવરલાલ ત્રિવેદી, ડી- ૬૯૩/૨, સેકટર-૩/સી,ના નિવાસ સ્થાને શિવમહિમ્ન પાઠ યોજાશે.
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સે.-૨૩, ગાંધીનગર દ્વારા મુકેશભાઈ દવે, સેકટર-૨૮ના નિવાસ સ્થાને શિવમહિમ્ન પાઠ અને સ્તૃતિ વંદના રાત્રે ૯.૦૦ કલાકે.
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સે.-૨૬, ગાંધીનગર દ્વારા અનિલભાઈ જાની, બ્લોક નં.બી/૬, ગ્રીન સીટી,ના નિવાસ સ્થાને શિવમહિમ્ન પાઠ અને સ્તૃતિ વંદના રાત્રે ૯.૦૦ કલાકે.
- શ્રી રામજી, મંદિર શ્રીરામ ધામ વાવોલ ખાતે શ્રાવણ માસ નિમિતે સવારથી જ ૧૦૦૮ નંગ કેળાનાં હિંડોળા.

## આપની આજ

**મેષ** : આજે કુટુંબીજનો સાથે મનોરંજન અને આનંદ પ્રમોદ સાથે દિવસ પસાર થશે. નવી યોજનાઓની શરૂઆત થઈ શકશે. સ્વયંના પ્રયાસોથી જ જનપ્રિયતા અને સામાજિક સન્માન મેળવી શકશો.

**વૃષભ** : વ્યાપારમાં પ્રગતિ જણાય. સાહનો લાભ મળી શકશએ. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ બની રહેશે. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે.

**મિથુન** : આર્થિક સંતોષ બની રહેશે. કામની ગતિ અનુકૂળ રહેશે. પરસ્પર સંબંધઓને મહત્વ આપવું જોઈએ. સંતાનના કાર્યોથી સમાજમાં તમારી પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે.

**કર્ક** : વ્યાપારમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. ભવિષ્યની ચિંતા બની રહેશે. કાર્યોને સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરવાથી ધારી સફળતા પ્રાપ્ત કરી શકાશે.

**સિંહ** : કાર્યની ગતિ ઉત્તમ બની રહેશે. પ્રયત્ન કરવો જરૂરી છે. ધન-સંપત્તિના મામલા ઉકેલાશે. સંત સમાગમ થઈ શકે છે. કુટુંબમાં માંગલિક કાર્યો થઈ શકશે.

**કન્યા** : વાહન ધ્યાનથી ચલાવવું .માતૃપક્ષ તરફથી આર્થિક ક્ષેત્રમાં મદદ વગેરેનાં યોગ બની રહ્યા છે. રોકાણ જેવાં ક્ષેત્રોમાં ધ્યાન રાખીને કામગીરી કરવી.

**તુલા** : સંતાનના આરોગ્યની ચિંતા બની રહેશે. ભાગ્યવાદી વૃત્તિને કારણે સફળતા મળવામાં વધુ સમય પસાર થઈ શકે છે. કોઈપણ કાર્ય કરતી વખતે તેના પહેલું તપાસવા.

**વૃશ્ચિક** : જૂના સંબંધોમાં યશ વદ્ધિ થઈ શકશે. જીવનસાથી સાથે વ્યવહારમાં અનુકૂળતા બની રહેશે. કુટુંબમાં વેપાર અથવા નોકરીને કારણે અસંતોષ રહી શકે છે.

**ધન** : વ્યાપારમાં નવા પ્રસ્તાવ મળી શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન આજે આવી શકશે. ઉદાર મનથી પરાક્રમ કરો, સફળતા મળવાની પૂરી શકતા છે.

**મકર** : અહંકાર અને સ્વાભિમાનમાં તફાવત સમજો. વ્યવસાયમાં તનાવ સમાપ્ત થવાની શકયતા બની રહેશે. ખાનપાનની ગડબડીથી આરોગ્ય ખરાબ થઈ શકે છે.

**કુંભ** : દામ્પત્ય જીવન સરસ બની રહેશે. આર્થિક સ્થિતિ સારી રહેશે. તમારા કાર્યોમાં સ્પષ્ટતાની કમીને કારણે તમે શંકાના વર્તુળમાં આવી શકો છો.

**મીન** : વેપાર સંબંધી કાર્યો માટે યાત્રા પ્રવાસથી ભાગ્યોદય થઈ શકે છે. પવિત્ર તીર્થસ્થોનોની કુટુંબીજનો સાથે યાત્રા થઈ શકશએ. શુભ મંગલ પ્રસંગોમાં ભાગ લેવાનું થશે.

## ચિરવિદાય

- સ્વ. અમૃતલાલ ગીરીજાશંકર યાજ્ઞનિક (ઉ.વ. ૯૦) પ્લોટ નં. ૧૩૨૦/૧, સેકટર-૨/બી, ગાંધીનગર.
- સ્વ. નંદીપ કાર્તિકભાઈ બુચ (ઉ.વ. ૨૨) પ્લોટ નં. ૪૭૭/૩, ઈર્શીતા એપાર્ટમેન્ટ, સેકટર-૨૩, ગાંધીનગર.